ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



નિલાબેન જયેન્દ્રકુમાર પરીખ
ફોન : ૨૩૨૨૨૧૩૩



આશી જીગર પરીખ
ફોન : ૨૩૨૨૨૧૩૩



નેત્ર

# કોલવડાની કન્યા શાળા-૧ ખાતે વિદાય સમારોહ અને વાર્ષિકોત્સવ



ગાંધીનગર, તા. ૧૩

કોલવડા કન્યા શાળા-૧ ખાતે તાજેતરમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને વિદાય આપવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે વાર્ષિકોત્સવ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વિદ્યાર્થીનીઓએ એકપાત્રીય અભિનય, દેશભક્તિ ગીત, અભિનય ગીત, ગરબા, રાસ, ડાન્સ જેવી ૧૪ જેટલી સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી વાર્ષિકોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન આચાર્ય કુસુમબેન જેસીંગભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ પટેલ, ભાવનાબા વાઘેલા, રતનસિંહ વાઘેલા, સીઆરસી રાજુભાઈ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. પૂર્વ આચાર્ય રામભાઈ દેસાઈએ વિદ્યાર્થીનીઓને આશીર્વચન પાઠવ્યા હતા. એસએમસીના અધ્યક્ષ રાધાબેન, કિરણસિંહ અને અન્ય સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. વિદ્યાર્થીની હિનાએ આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં શાળા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિમલબેને કર્યું હતું અને અંતે આભાર દર્શન હસુબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# નર્સિંગ કૉલેજ પરિસરમાં કાલુપુર બૅન્ક દ્વારા એટીએમ કાર્યરત



ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્યની અગ્રીમ હરોળની મલ્ટી સ્ટેટ શીડ્યુલ્ડ અર્બન કો-ઓપરેટિવ બૅન્ક - ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બૅન્ક લિ. સને ૨૦૦૯થી ગાંધીનગર શાખાના માધ્યમથી ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોના લોકોને વાતાનુકૂલિત લૉકર રૂમ સહિત વિવિધ બૅન્કીંગ સેવાઓ પૂરી પાડે છે. આ બૅન્ક શાખા દ્વારા ગઈકાલે સવારે ૧૦ કલાકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ તથા બૅન્કની ગાંધીનગર શાખા વિકાસ સમિતિના સભ્ય ડૉ. કનુભાઈ ડી પટેલના વરદ હસ્તે ઑફ સાઈટ એટીએમ સૅન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ અને કેળવણી મંડળના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર સૂર્યક્રિષ્ન મંત્રાલા, બૅન્કના ડિરેક્ટર હસમુખભાઈ પટેલ, જનરલ મૅનેજર તથા સીઈઓ રાહિલભાઈ પટેલ, સૅક્રેટરી ટુ ધ બૉર્ડ મહેન્દ્રભાઈ પટેલ, શાખા વિકાસ સમિતિના સભ્ય દિલીપભાઈ કાપડિયા, રાહુલભાઈ મહેતા, મુખ્ય કચેરીના ચેતનભાઈ પટેલ, ગાંધીનગર શાખા મૅનેજર હિતેન્દ્ર વી પટેલ તથા નર્સિંગ કૉલેજના પ્રૉફેસર્સ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
ક્લબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૭.૦૦
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૬.૪૫

## સે-૧૩ લિમ્બચ માતાજીના મંદિરે નવચંડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ સંચાલિત લિમ્બચ માતાજી મંદિર ખાતે ચૈત્ર સુદ આઠમ નિમિત્તે તા.૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે ૪.૩૦ કલાકે શ્રીફળ હોમ અને ૫.૩૦ કલાકે આરતી યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભાવિક ભકતોને હાજર રહેવા મંડળના ટ્રસ્ટી ભરતભાઈ સુર્યાવાલાએ જણાવ્યું છે.

## સેકટર-૩-ડીમાં રામ જન્મ ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૩-ડીમાં રામજી મંદિરમાં રામ નવમીના દિવસે રામ જન્મ ઉત્સવ સવારે સાડા દશ વાગેથી ઉજવાશે. મા ભગવતી આનંદ ગરબા મંડળના કમળાબેન સોલંકીના મધુર કંઠે આનંદનો ગરબો લીલાબેન આર. પરમાર તરફથી રામ નવમી તા. ૧૫મી એપ્રિલે બપોરે બે વાગે યોજાશે. ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા

# સમાજમાં એકતા જાળવવા ૧૦ વર્ષથી ક્રિકેટ રમાય છે



ગાંધીનગર, તા. ૧૩

સમાજમાં એકતા જળવાઈ રહે તે માટે સમાજ વચ્ચે સંવાદિતા જરૂરી છે. આ સંવાદિતા માટે રમતનો સહારો લેવામાં આવે તો એકતામાં મજબૂતી પણ જળવાઈ શકે છે, એવા વિચાર સાથે લોકપ્રિય રમત ક્રિકેટના સહારે અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચના સભ્યો છેલ્લાં ૧૦ વર્ષથી ભેગાં થાય છે.

નવી પેઢી અને સમાજના વડીલો પણ આ માધ્યમ માટે એકત્ર થાય છે અને ક્રિકેટ મૅચનું આયોજન થાય છે. શરૂઆતથી આ ઉપક્રમમાં ૮ ટીમ ભાગ લઈ રહી છે અને તેમના ૮૮ ખેલાડીઓ ઉપરાંત ખેલાડીઓના કુટુંબીજનો પણ ક્રિકેટના મેદાન સુધી પહોંચે છે અને મુલાકાત દરમ્યાન પ્રેમથી હળીમળીને રહેવાની અને સમાજની નવી પેઢી માટેના વિકાસની વાતો શૅર થતી રહે છે. આ ટૅનિસ ક્રિકેટ કપ અંતર્ગત મૅચ આ વખતે થલતેજ નજીકના ગ્રાઉન્ડમાં ચાલી રહી છે. ૩ એપ્રિલથી આરંભાયેલી આ સ્પર્ધા ૨૪ એપ્રિલ સુધી કાયમ રહેશે.



સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા દ્વારા ચૈત્રી નવરાત્રીના ઉપલક્ષમાં સે. ૧૨ બલરામ પરિસર ખાતે તા. ૧૨ને મંગળવારના રોજ ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

ઠાકોર સમાજ, ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટેના વર્ગોનો ગાંધીનગર ખાતે આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સંચાલક ધર્મેશ સી ઠાકોર દ્વારા જણાવવામાં આવ્યું છે કે સૅક્ટર-૬ ખાતે સમાજના ભાઈ-બહેનોના લાભાર્થે મફત વર્ગોની શરૂઆત કરવામાં આવી છે, જે અંતર્ગત વિશેષ તજ્જ્ઞો દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જોડવા માગતા ભાઈ-બહેનને પોતાનું રજિસ્ટ્રેશન મોબાઈલ નંબર ૯૦૩૩૦૦૬૨૬૮ના માધ્યમથી કરાવવાનું રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.



## મોચી સમાજના યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૧૩

સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા અને ગુજરાત જનક્ષત્રિય દંઢાવ્ય વિ. કેળવણી ટ્રસ્ટ પ્રેરીત અપરિણીત યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે માટે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુ વિગત અને ફોર્મ તથા રજીસ્ટ્રેશન માટે બુધેશભાઈ એસ. ચૌહાણ અમદાવાદ મો. ૯૮૯૮૨ ૫૭૭૧૫ અને મહેન્દ્રભાઈ કે. ચૌહાણ-ગાંધીનગર મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫નો સંપર્ક કરવો. પસંદગી મેળાનું આયોજન અપેક્ષિત રીતે અમદાવાદ/ગાંધીનગર ખાતે અંદાજીત મે માસમાં કરવામાં આવશે. ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરી પરત આપવાની છેલ્લી તા. ૩૦-૪-૨૦૧૬ રાખવામાં આવી છે.

સ્વર્ણિમ જીવનસાથી પસંદગી મેળામાં થનાર આવક સમાજના સામાજીક અને શૈક્ષણિક કાર્યમાં વાપરવામાં આવશે તેમ કન્વીનર ઉષાબેન એમ. ચૌહાણે જણાવ્યું છે.

# ડૉ. ભીમરાવ આંબેડકર : ભારતની સામાજિક આઝાદીના એકલવીર લડવૈયા

**પ્રસંગસર**

**પ્રવીણ ગઢવી - સતીષ ચારણ**

ડૉ. ભીમરાવ આંબેડકર એ ભારતની સામાજિક આઝાદીના એકલવીર લડવૈયા હતા.

તેઓ કહેતા 'પોતાના સમાજના સર્વાંગી વિકાસ માટે હું પ્રમાણિકતાથી હકારાત્મક પ્રયાસ કરીશ. એટલે જ મેં આટલો વિધ્યાભ્યાસ કર્યો છે. મેં પ્રાપ્ત કરેલી જ્ઞાનશક્તિનો ઉપયોગ હું કેવળ મારા પરિવાર કે મારા માટે નહીં પણ અસ્પૃશ્ય સમાજ માટે કરીશ...તેમની સમસ્યાઓને દુનિયા સમક્ષ મુકીશ...' તેમણે પોતાની શકિતને રાજનિતીક આઝાદીના બદલે સામાજિક આઝાદી પર કેન્દ્રિત કરી. તેમનું લક્ષ્ય સામાજિક અસમાનતા દૂર કરીને દલિતોના માનવધિકારની પ્રતિષ્ઠા કરવાનું હતું અને તે હેતુ સાથે આજીવન દલિતોના સન્માન અને અધિકાર માટે આજીવન કામ કર્યું.

તેમણે દેશના જુદા જુદા ભાગોમાં ફરી દલિતોની અસંખ્ય મીટીંગો કરી દલિતો પ્રત્યેની અંગ્રેજ રાજની ઉદાસીનતા સ્પષ્ટ કરી અછૂત-સમાજને જાગૃત કર્યો. આત્મસન્માન, માનવધિકાર, અને સામજિક ન્યાય મેળવવા પોતાની જાતને લાયક બનાવવી પડે તેમ કહેતાં તેમણે દલિત સમાજને 'શિક્ષિત બનો, એક થાવ, અને સંઘર્ષ કરો'નો નારો આપ્યો હતો.




નેલ્સન મંડેલાએ કહ્યું છે કે ભારતે તો વકીલ ગાંધીને આફ્રિકા મોકલેલા, પરંતુ આફ્રિકાએ એમને મહાત્મા બનાવી દીધા. આંબેડકર માટે પણ એવું કહી શકાય કે મહારાષ્ટ્રમાંથી બાબાસાહેબ નોકરી કરવા ગુજરાત આવ્યા હતા પરંતુ ગુજરાતે તેમને બહિષ્કૃત કર્યા અને પરિણામે ભારતને દલિતોના અધિકારો માટે ઝઝૂમતા એક મહાન યોધ્ધા મળ્યા.

બાબાસાહેબ આંબેડકરની એક મહાન રાષ્ટ્ર સેવક તરીકે મૂલવણી કરવી જ જોઈએ કારણ કે ચંદ્ર જેવા સુંદર ભારત દેશના ચહેરા પરથી અશ્પૃશ્યતાનો ડાઘ-કલંક ભૂંસવા તેઓ આજીવન મથતા રહ્યા હતા.

બાબાસાહેબે ૨૯ વર્ષની વયે રાષ્ટ્ર સેવાની શરૂઆત કરી, ૧૯૨૦માં 'મૂકનાયક' પખવાડિક શરૂ કર્યું અને 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના કરી.

એમના લોહીમાં બળવો હતો, ક્રાંતિ હતી, દલિતોનાં થતાં અપમાન એમને હાડોહાડ લાગેલાં હતાં. ૧૯૨૫માં એમણે પ્રથમ દલિત છાત્રાલયનો પ્રારંભ કર્યો. ૧૯૨૭માં 'બહિષ્કૃત ભારત' પખવાડિક શરૂ કર્યું અને વિશ્વના ઈતિહાસમાં ક્યાંય ન બન્યો હોય એવો જળ માટેનો સત્યાગ્રહ કર્યો. ૧૯૩૦માં મંદિર પ્રવેશ માટે કાલારામ સત્યાગ્રહ કર્યો. અસ્પૃશ્યતાને માન્યતા આપતી 'મનુસ્મૃતિ'નું તે પહેલાં દહન કર્યું.

અલબત્ત, બાબાસાહેબે દલિતોના પ્રશ્નોને જ વાચા આપી છે તેવું નથી. ગાંધીજીની નૈતિક વિભાવનાને કારણે મુંબઈ વિધાનસભામાં કોંગ્રેસ 'સંતતિનિયમન'નો વિરોધ કરતી હતી. ત્યારે બાબાસાહેબે તેને ટેકો આપેલો, ડાબેરીઓ અને મુસ્લિમ નેતાઓ તો વિરોધમાં હતા તો પણ.

એમણે ફક્ત ચાર દલિત વિદ્યાર્થીઓ માટે અલગ છાત્રાલય અને કૉલેજ પણ શરૂ કરાવ્યું હતું. તેઓ પોતાના સત્યાગ્રહોમાં દલિત સ્ત્રીઓને જોડતા, એમનાં પત્ની રમાબાઈને પણ જોડતા. હિન્દુ સ્ત્રીઓને સમાન અધિકાર મળે તે માટે તેઓ હિન્દુ કોડબિલ લાવ્યા. આ બિલ પસાર ન થતાં તેમણે કાયદાપ્રધાનપદેથી રાજીનામું પણ આપી દીધું હતું.

ફ્રેન્ચ ક્રાંતિનાં ત્રણ સૂત્રો : સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એમને પ્રિય હતાં. મજૂર પ્રધાન તરીકે એમણે સામ્યવાદીઓ પણ ન કરી શકે તેવાં કામ કર્યાં, તેવા કાયદા ઘડ્યા અને મજૂરોને હક્કો આપ્યા. સાથે-સાથે મજૂરનો નિષ્ઠાથી કારખાનામાં કામ કરવાની શીખ પણ આપી. ખાણિયા મજૂરોને પણ બાબાસાહેબે જીવનનો પ્રકાશ આપ્યો. આજે મજૂરો જે હક્કો ભોગવી રહ્યા છે તે બાબાસાહેબનો પ્રતાપ છે.

એમની કલમના એક જ ઝાટકે દેશભરમાંથી અસ્પૃશ્યતા નાબૂદ કરાઈ અને તમામ સ્ત્રી-પુરુષોને મતાધિકાર આપવામાં આવ્યો.

બાબાસાહેબે સંવિધાન સભાની સમિતિના અધ્યક્ષ તરીકે દુનિયાના અનેક દેશોના બંધારણનો અભ્યાસ કરીને તેનો મુસદો તૈયાર કરવામાં સૌથી મહત્ત્વનો ફાળો આપ્યો. ડૉ.આંબેડકર રચિત બંધારણમાં મુખ્યત્વે ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. બંધારણના પ્રતિનિધિઓ તેમજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમની સેવા અને કાર્યના મુક્ત કાંઠે વખાણ કર્યા. બંધારણના મુસદાને લોકસભામાં રજૂ કરતી વખતે ડૉ.આંબેડકરે કહ્યું કે "૨૬ જાન્યુઆરીથી આપણે વિરોધાભાસોની જિંદગીમાં જઈ રહ્યા છીએ. રાજકીય વ્યવસ્થામાં આપણી પાસે સમાનતા છે પરંતુ સામાજિક-આર્થિક વ્યવસ્થામાં અસમાનતા છે, બને એટલી ઝડપથી આપણે આ વિરોધાભાસોને સમાપ્ત કરી દેવા જોઈએ."

ડૉ. આંબેડકરે "પાકિસ્તાન ઉપર વિચારો", "શુદ્રો કોણ હતા? "નામનાં પુસ્તકો લખ્યાં અને વિશ્વના મહાન ધર્મોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ૧૯૯૦માં તેમને સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન એનાયત કરાયું હતું. બાબાસાહેબ આંબેડકર જેવા રાષ્ટ્ર સેવકો 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે.

# 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય-સૈનિકો અને લડતો'ની બીજી આવૃત્તિ પ્રકાશન ભણી



ગાંધીનગર, તા. ૧૩

ગાંધી-સર્વોદય મૂલ્યો તથા વિચારોને વરેલા પીઢ ગાંધીવાદી, ખાદી-રચનાત્મક ક્ષેત્રના આગેવાન, પૂર્વ સાંસદ તથા આજીવન સમાજ-સેવિકા જયાબેન વજુભાઈ શાહે ૧૪ એપ્રિલ ૨૦૧૪નાં રોજ, ૯૧ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી હતી. જીવનનાં અંતિમ દિવસે જયાબેન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત સ્વાતંત્ર્ય-સંગ્રામ તેમ જ ગાંધી ગીતોનું ગુંજન કરતા હતા જે ખાસ ઉલ્લેખનીય છે. જયાબેન સદેહે આજે આપણી વચ્ચે નથી, પણ, એમના જીવન અને કાર્યમાંથી, આજે પણ સતત પ્રેરણા મળતી રહે છે. સ્વ. જયાબેન શાહ દ્વારા ૧૯૮૮માં સંપાદિત માહિતીસભર ગ્રંથ 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય-સૈનિકો અને લડતો'ની નવીન આવૃત્તિ રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ દ્વારા ટૂંક સમયમાં પ્રગટ થઈ રહી છે. ગાંધી-સર્વોદય મૂલ્યો તથા વિચારોને વરેલા ખાદી-રચનાત્મક ક્ષેત્રના આગેવાન, ભારત સરકારના ખાદી ગ્રામોદ્યોગ આયોગના પૂર્વ-અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ સંપાદક મંડળ હિંમતભાઈ ગોડા, રાજુલ દવે અને દિપેશ બક્ષી કાર્ય કરી રહ્યાં છે. જૂની આવૃત્તિમાં સ્થાન પામેલા તથા જેમનો સમાવેશ રહી ગયેલો તેવા સ્વાતંત્ર્યસેનાનીઓનાં પાસપોર્ટ-સાઈઝનાં ફોટા, જન્મ અને અવસાન તારીખ અને સ્થળ સહિત અન્ય વિગત આ માટે મોકલવા અપીલ કરવામાં આવી છે.

આ અંગેની વધુ માહિતી માટે હિંમતભાઈ ગોડા (મંત્રી, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ, દરબાર ગોપાળદાસ ભવન, રાષ્ટ્રીયશાળા પ્રાંગણ, રાજકોટ. ફોન :(૨૮૧) ૨૪૬૪૦૬૫, મોબાઈલ : ૯૪૨૬૭૩૨૦૩૭, ઈમેલ : srsamiti@gmail.com)નો સંપર્ક કરવા જણાવાયું છે.